સોદાગર સ્ટાન્ડર્ડ
કાપી બુક.

નંબર ૪.

સરકારી નીશાળોમાં
ચલાવા માટે મેહેરબાન
ડાઇરેક્ટર સાહેબે મ-
ન્જુર કીધી છે

સને ૧૮૬૭ ના ૨૫ મા આ
ક્ટ મુજબ રજીસ્ટરના
હક લીધા છે
આ કાપી બુક સરકારી નીશા-

કીમત રૂ ૦-૧ ૦.



SODAGAR STANDARD

COPY BOOK.

No. 4

Sanctioned by the Director of Public Instruction for use in all the Schools.

Registered under Act XXV of 1867

[illegible]

Price R. 0-1-3

છાપનાર.—સુરત સોદાગર છાપખાનાના માલીક [illegible], [illegible], સુરત

શ્રી.

DEED OF CONTRACT

ઇજારાપટો.

શ્રી
મહારાજ મહારાજા
હમ શ્રી હમીર
સિંગજી નૃપતિ.

શ્રી સરકાર શ્રી મહારાજ મહારાજા શ્રી હમીરસિંગજી મહારાજ, રાજ્ય સંસ્થાન વાંસદા—પૂકારીવાળા દેસાઈ રણછોડજી મોરારજી જત રાજ્યનું ગામ મોજે અંબાવી પ્રાંત ચિરાળપુરમાં ઉતારો તથા કુવા વિગેરે ઇમારતી કામ કરવાની ઉમેદ છે. માટે ગયા વરસના ઇજારાના આંકડા કરતાં કંઈ સામેલ કરીને લાંબી મુદતનો પટો મળવા વિષે તમારા તરફથી દેસાઈ દાજીભાઈ પરાગજીએ જાહેર કર્યું, તે અરજ ધ્યાનમાં લઈને મહેરબાન થઈ દરસાલ રૂ ૧૫૨૫) અંકે પંદરસે પચીસનો આંકડે સંવત ૧૯૨૫ના ચૈત્ર સુદ ૨ થી તે સંવત ૧૯૩૩ના ચૈત્ર સુદ ૨ સુધી આઠ વરસનો આ તમને પટો કરી આપ્યો છે, તે મુજબ દરસાલ આવણ મહિનામાં અગાઉ ભરણું કરવું, અને સિરકાર મુજબ ખરચ બંદોબસ્ત ઠરાવ ઉપર 'મુદ્દો' ભરવી ને રાજ્ય મુલકના આરા તથા રૈયત રાખવા અને રાજ્યના વટલી શરત મુજબ તથા જાતના નમુના મુજબ બધી રાખીને તથા વહીવટ કરવો. ને ગામની આબાદી વધારવી તથા ખેતીવાડીનું કામ સુધારવાની મહેનત તથા ખરચ કરવો. ઉપર લખ્યા સિવાય ઇજારાની મુદતમાં તમે જે ઉપજ વધારો તે આપણા તમારી પાસેથી કાંઈ વધારે લેવામાં આવશે નહીં. વળી દરેક વહીવટની બાબત જોઈએ સરકારથી જે હુકમ થાય તે પ્રમાણ કરીને ઇજારે પટે ગામ આબાદ સરકારને સોંપવું. વળી તમારી મહેનત તથા ખરચ જોઈને બદારત ... તેમ નવો બંદોબસ્ત કરી આપવામાં આવશે. મિતિ સંવત ૧૯૧૩ ના માગશર વદ ૧૪ વાર ગરૂ.

સહીનો
સિક્કો.

DEED OF PURCHASE.

ખતનો કબાલો.

સંવત ૧૯૪૦ના ચૈત્ર સુદ ૫ને વાર સોમ, તારીખ ૩૧મી માર્ચ સને ૧૮૮૪ અંગ્રેજી દિને તાલુકે જલાલપુરનું ગામ મોજે કરાડીના રહેનાર શા ... ભાણા ... જાતના વાણિયા ઉંમર આશરે વર્ષ ૬૫ની ... લખી આપું છું જે ... તાલુકે મહુવરનું ગામ મોજે ... દેસાઈ ... ઉંમર આશરે વર્ષ ૪૫ની જોગ ... લખી આપું છું જે તમને નીચેની વિગતનો માલ વેચાતો દીધો છે તેની વિગત:—

૨૦) ... ૨૦) ... [illegible]
રૂ ... [illegible]

૮૨૫) ... [illegible]
રૂ ૮૦) ... [illegible]

अर्थ	अई	अत्न	अर्वायिन

आस्था	आत्मज्ञ	आत्मग्राहन

ईन्द्रासन	ईष्टरारि	ईच्छा
उत्सव	उत्पादक	ऊर्मि

नृत्य	नृप	वृक्ष	तृषाणु

कृत्य	गृहस्थी	चमत्कार

छत्र	छज्जु	जागृति	जत्था

झुम्मर	टक्कर	ठठोर

उद्धो	उद्विन	ढिम्मर	तंत्र

तर्कशक्ति	तत्वज्ञान	तीव्र

पल्लवुं	दक्षिणोत्तर	दर्लं

दुर्व्यसन	दृष्टी	धार्मिक

निर्गमन	न्यून	नेत्र	द्रष्ट

पौत्र	पद्म	पूर्व	पश्चात्ताप

दैन्य	द्युम्न	बुद्धिमान

लाञ्छन	लट्ठ	लक्ष्म	लूगर्ल

मूर्ति मृतिङ्ग महाराष्ट्र

यंत्रशास्त्र यत्न युक्ति नष्ट

रत्नाकर	रौद्ररस	रिद्धि
लाक्षणिक	लाक्षाधिपति	ल्म

वार्गेर्स्यार	वर्त्तमानपत्र	द्वार
शून्य	श्याननिद्रा	षड्ढोग

संक्षिप्त हस्तिदन्त हिम्मत

क्षेत्र क्षत्रिय ज्ञान ज्ञानेन्द्रि

अर्घ	अर्क	अभ्र	अर्वाचीन
आस्था	आग्रा	आत्मजा	आच्छादन

इन्द्रासन इष्टराशि इच्छा ल

उत्सव उत्पादक ऊर्मि

नृत्य	नृप	वृक्ष	तृषालु
कृत्य	गृहस्थ	चमत्कार	

छत्र	छज्जुं	जागृति	जात्रा

झुम्मर	टक्कर	ठट्ठाखोर

ड्ढो	ड्फ्रिन	ढीम्मर	तंत्र

तत्वज्ञान	तर्कशक्ति	तीव्र

थम्भवुं	दक्षिणोत्तर	दर्भ
दुर्व्यसन	द्रष्टी	धार्मिक

निर्गमन	न्यून	नेत्र	लस्फ

पौत्र	पद्म	पूर्व	पश्चात्ताप

फ्रेन्च	फाल्गुन	बुद्धिमान

भक्त	भट्ट	भस्म	भूगर्भ	श्र

मूर्ति	मृतिका	महाराष्ट्र

यंत्रशास्त्र	यत्न	युक्ति	न्स्ट

रत्नाकर	रौद्ररस	रिद्धि

लाक्षणिक	लक्षाधिपति	ल्म

वर्णोच्चार वर्तमानपत्र द्वार

शून्य ध्याननिद्रा षट्कोण

संक्षिप्त	हस्तिदन्त	हिम्मत

क्षेत्र	क्षत्रिय	ज्ञान	ज्ञानेन्द्रि

૫૬૦) જુવાર ગાંસડી ૨) એકે વીસ તથા ગાંસડી દર ગાંસડી
૧ના ૩ ૨૮) એકે અઠાવીસ લેખે રૂ ૫૬૦) ની.

૨૦૬૦)

ઉપરની વિગતનો માલ જેઠ શુદ ૨ ને દિવસે તમોને લાવી આપવા કબુલ કર્યો છે તે અમારે ઠરાવેલા ભાવ મુજબ તથા ઠરાવેલી મિતિએ લાવી આપવો સહી. જો કદાચ નહિ લાવી આપું તો સેંકડે દશ ટકા ખોટના આપું સહી. એમાં કશો ઓજર શુકન કરૂં, તો સરકારમાં ફરિઆદ કરી મારી માલમિલકતથી વસુલ કરી લેવા તમો મુખત્યાર છો. બાના બદલ રૂ ૫૦૦) અમને આપેલા છે.

દસ્કત મોરારજી હરીભાઈના છે

અત્ર ——— મરૂ તર ——— શાખ.

સુંદરજી મોહનભાઈ મરૂ
ઉપર લખ્યા મુજબ સહી.
દા૦ પોતાના

૧ શા૦ મોતી જેઠાજી શાખ
દા૦ પોતાના.
૧ શા૦ લખમા ત્રિકમજી શાખ
દા૦ પોતાના.

DEED OF RENT

ભાડાનામું.

સંવત ૧૯૪૦ના ચૈત્ર શુદ ૫ને વાર સોમે તા૦ ૧લી માર્ચ સને ૧૮૮૪ અંગ્રેજી દિને તાલુકે ચોર્યાસીનું ગામ મોજે દેલાડવાના રહેનાર દેસાઈ સુરભાઈ મોહનભાઈ જાતના અનાવલા બ્રાહ્મણ ઉમ્મર આશરે વર્ષ ૩૨ની ધંધો સરકારી નોકરીનો. જોગ લી૦ એક ગામવાસી દેસાઈ દાજીભાઈ દુલભ જાતના અનાવલા બ્રાહ્મણ ઉમ્મર આશરે વર્ષ ૬૫ની ધંધો ખેતીનો, જત હું તમોને લખી આપું છું કે મેં આજ રોજ તમારૂં ઘર મજકુર ગામના બ્રાહ્મણ મો. હોળામાં માતા મહેશ્વરાજીના દેવસ્થાનની જોડેનું ભાડે રાખ્યું છે. એનું ભાડું દર વર્ષ ૧૦ના રૂપિઆ ૯) અંકે નવ પોણિઆ દેવા સહી. એમાં કશો ઓજર શુકન કરૂં નહિ, અને ભાડું વર્ષો વર્ષ ચડે ચડયું આપું સહી ને કદાચ આપવા તકરાર કરૂં તો તમોને ફરિઆદ કરવી પડે તો ભાડા તથા ફરિઆદીના ખર્ચના રૂપીઆ તમે તથા તમારા વારસો અમારી જાત તથા અમારી મિલકતથી તથા અમારા વશ વારસોથી વસુલ કરી લેવા મુખત્યાર છો. વળી જે વખતે તમે તમારૂં ઘર ખાલી કરી માંગશો તે વખતની મુદત પહેલાં બે મહિના અગાઉ અમને ચેતાવશો તો હું વિના તકરારે ખાલી કરી આપવા કબુલ કરીએ સહી. એ ઘરમાં ભાગ્યું તુટ્યું તથા નળિઆની ખોટ વળામણું વિગેરે સર્વે તમો ઘરધણીને શિર છે. એમ અમારી રાજી ખુશી તથા અક્કલ હોંશિઆરી તથા વિના કેફથી તથા તનદુરસ્તીથી આ ભાડા ચીઠી લખી આપી છે, તે અમારે કબુલ મંજુર સહી દા૦ મોતી જેઠાના છે.

અત્ર ——— મજુ તર ——— શાખ

દાજીભાઈ દુલભ મજું
ઉપર લખ્યા પ્રમાણે સહી
દા૦ પોતાના.

૧ નથુ લાલુ શાખ દા. પોતે
૧ કુબેર કાળાભાઈ શાખ
દા૦ પોતાના.

DEED OF MORTGAGE

કબજાગીરો ખત.

સંવત ૧૯૪૦ના ચૈત્ર શુદ ૨ને વાર સનેઉ તારીખ ૨૯મી માર્ચ સને ૧૮૮૪ અંગ્રેજી દિને તાલુકે ઓલપાડનું ગામ મોજે સરસના રહેવાસી પારસી કાવસજી પેસ્તનજી ઉમ્મર આશરે વર્ષ ૬૫ની ધંધો ખેતી વિગેરેનો જોગ લી૦ એક ગામ વાસી પટેલ નરસિંહ પુરૂસોત્તમ જાતના કડવા કણબી ઉમ્મર આશરે વર્ષ ૫૫ની ધંધો ખેતીનો જત લખી આપું છું કે, આજ રોજે મેં તમારી પાસેથી નગદ રોકડા રૂપિઆ ૧૨૫) અંકે એકસો પચીસ કંપની સિક્કાના લીધા તે દેવા સહી. એ રૂપિઆનું વ્યાજ માસ એકે સેંકડે એકે ટકા ૦॥। એટલે આના બાર લેખે દીવાળી બાકીના વ્યાજના વ્યાજ સાથે, વર્ષમાં અધિ

માસ આઠ તેના વ્યાજ સાથે આપવા સારૂ. એ રૂપિઆના અવેજમાં ડિસ્ટ્રીક્ટ સુરત, સબ ડિસ્ટ્રીક્ટ ઓરપાડનું ગામ મોજે માસમામાં મારા નામથી સરકારી એકઆંકડી જમીન આવી છે. તે પૈકી સર્વે નંબર ૪૫ એકર ——ગુંઠા આકાર રૂા ૮— — ની જમીન માં ઊગમણે કોણી નારણ ભીખાના ક્યારડાં છે. દક્ષણે કણબી દુલભ કુંવરની જગાવન જમીન છે. ઉ[illegible] શાહ [illegible] આપજીનું પેટવડ છે, અને પશ્ચિમે રાજ્યમાર્ગ કાચી સડક છે. એ ચતુર દિશાની ખુંટની મિલકત ઉપરના સરખના બદલામાં કબજગીરો આપી છે. એ મિલકત પેસ્તરથી મારા કબજા વહીવટમાં ચાલી આવેલી આજથી તમારા કબજા વહીવટમાં આપી છે. માટે હું એ મિલકતના ગીરોના હકથી તમારી મરજી મુજબ વહીવટ કરો અથવા કોઈ પાસે કરાવો. એ સર્વે વાતે તમે માલિક મુખત્યાર છો. એ મિલકત સંબંધી આજ પછી કોઈ હિસ્સેદાર અથવા ગીરોદાર વિગેરે પેદા થઈ દાવો કરે, તો તેનો દાવો ચાલે નહિ અને તે દસ્તાવેજથી સર્વે તરેહથી રદ બાતલ થાય છે. એ જમીનના સરકારી ધારાના રૂપિઆ અમારે ભરવા સહી. સદરહુ મિલકતને સરકાર વિગેરે તરફથી હરકત થાય તો તે હરકત માટે સાથ મળી ગામ [illegible] આપવા સારૂ, તમારે હું તોડી ગટાડી આપુ ને તે બાબતમાં તમને નુકશાન થાય તો તે થએલા નુકશાનના જોખમદાર હું તથા મારા વારસો થઈએ સહી. સદરહુ મિલકતનું જે મહેસુલ ઉત્પન્ન થાય. તે તમારા ઉપર લખેલા રૂપિઆના વ્યાજ પેટે જમા કરવા. અને તે કરતાં વધે તો મુદ્દલમાં મજરે કરવા, અને ઘટે તેટલા રૂપિઆ તમોને આપીશ. એ મિલકત કબજગીરોમાંથી છુટે સહી. તમારા ઉપર લખેલા રૂપિઆ તમે જ્યારે માંગો ત્યારે આપવા સહી. આપતાં ઓજર કરું અને તમારે ફરિઆદ કરવી પડે તો તે ફરિયાદીના ખરચ સહિત સદરહુ રૂપિઆ વસુલ લેવા. ઉપર લખેલી મિલકત તથા મારી જાતથી તથા મારા વારસોથી તથા મારી સર્વે તરેહની માલ મિલકતથી વસુલ કરી લેવા તમ તથા તમારા વારસો મુખત્યાર છો. આ દસ્તાવેજ મેં મારી રાજીખુશીથી તથા અક્કલ હુશીઆરીથી તથા બિનકેફે તથા તનદુરસ્તીએ લખી આપ્યો છે તે કબુલ મંજુર સહી. દા॰ રામભાઈ નથુભાઈના છે.

અ[illegible] મ[illegible]	ન[illegible]	શાખ.
પટેલ નરસિંહ પુરસોતમ મનુ ઉપર લખ્યા પ્રમા[ણે] શું સહી દા॰ પોતાના.	૧.	નાનાભાઈ ઉદરજી શાખ દા॰ પોતાના
	૧.	[illegible] પરભુ શાખ દા॰ પોતાના.

PERSONAL SECURITY

સ્ટાંપપરખાતું.

તાલુકે ઓરપાડનું ગામ મોજે ઊંભેળના દેશાઈ રામભાઈ નથુભાઈનું ખાતું સંવત ૧૯૩૮નું.

જ	ઉ
	૫૦૦ સંવત ૧ શુદ ૫ને વાર સોમે નગદ રોકડા રૂપિઆ પાં-ચસો પુરા જમની મિલકત ના લીધા તે દેવા સારૂ. ગો[illegible] વ્યાજ માસ એકે સેકડે એકે ટકા ૦।।। પો[illegible] [illegible] આના બાર ઉપ[illegible] સહે સદર્હુ દેવુંસારૂ. દા॰ [illegible] ગામ [illegible]ના છે. શાહ રામભાઈ નથુભાઈ ઉપર લખ્યા પ્રમાણે સહી દા॰ પોતાના.